# થરાદ નગરપાલિકા
## ઠે.રાજભવનની સામે, થરાદ - ૩૮૫૫૬૫
## જાહેર નિવિદા

થરાદ નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન અર્બન-૨.૦ અંતર્ગતની કામગીરી માટે સિટી મેનેજર-(SWM)ની જગ્યાની ભરતી માટે મે.મિશન ડાયરેક્ટરશ્રી, સ્વચ્છ ભારત મિશન અર્બન-ગુજરાત, ગાંધીનગરના કાર્યાલય આદેશ ક્રમાંક SBM/e-file/302/2023/0252 /Admin/92તા.૦૨/૧૧/૨૦૨૩ અન્વયે નીચે મુજબની વિગતે તથા શરતો મુજબ સ્વચ્છ ભારત મિશન અર્બન-૨.૦ અંતર્ગતની કામગીરી માટે ૧૧-માસના કરાર આધારિત કર્મચારીની ભરતી માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે. આપની સાદા કાગળમાં હસ્તલીખીત અથવા કોમ્પ્યુટરાઈઝડ અરજી ઉમેદવારોએ માત્ર રજી. એડી. પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી ચીફ ઓફીસરશ્રી, થરાદ નગરપાલિકાને ઉપરોક્ત મથાળાના સરનામે
તા:-૧૫/૦૨/૨૦૨૪, સાંજના ૪.૦૦ કલાક સુધી મોકલી આપવાની રહેશે.

| ન | હોદ્દાનું નામ | લાયકાત | અનુભવ | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | સિટી મેનેજર (SWM) | B.E/B.Tech-Environment B.E/B.Tech-Civil, M.E/M.Tech-Environment, M.E/M.Tech-Civil | ૧ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદનો) | રૂ.૩૦,૦૦૦/- (માસિક) |

શરતો :

૧.ઉમેદવારે પોતાની અરજી સાથે Resume, એજ્યુકેશનના પ્રમાણપત્રો,અનુભવના પ્રમાણપત્ર,(સેલ્ફ એટેસ્ટેડ)તથા ચીફ ઓફીસર,થરાદ નગરપાલિકાના નામનો રૂ.૧૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ વહીવટી ચાર્જ પેટે મોકલવાનો રહેશે.

૨.કવર ઉપર સિટી મેનેજર (SWM) જગ્યા માટે ઉમેદવારી કરવાની થતી હોઈ તે જગ્યાનું નામ, સરનામું તથા મોબાઇલ નંબરનું સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

૩. ઉક્ત મહેકમ સ્વચ્છ ભારત મિશન અર્બન-મિશનનો સમયગાળો ૨-ઓક્ટોમ્બર-૨૦૨૬ સુધીનો રહેશે. ત્યારબાદ આ મહેકમ રદ થઇ જશે.

૪.કરાર આધારિત કર્મચારીશ્રીઓને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ નિયત કરેલા લાભો મળવાપાત્ર થશે.

૫.કરારના સમય દરમ્યાન બજાવેલ સેવા/નોકરી અન્વયે પેન્શન/ફેમિલી પેન્શન, બોનસ, એલટીસી રજાના રોકડમાં રૂપાંતર કોઈપણ પ્રકારની પેશગી, પ્રવર્તા કે તેવા કોઈ નાણાકીય કે વહીવટી લાભો મળવાપાત્ર રહેશે નહી.

૬.સરકારશ્રી દ્વારા નિયત કરેલ વેરા/ટેક્ષ નિયમોનુસાર કર્મચારીને મળતા ફિક્સ વેતનમાંથી કપાત કરવામાં આવશે.

૭. નિમણુંક પામેલ કર્મચારીએ કાર્યમથક (થરાદ નગરપાલિકા શહેરી વિસ્તાર) પર રહેઠાણ રાખવાનું રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મથક છોડી શકાશે નહીં.

૮.સ્વચ્છ ભારત મિશન અર્બન તથા મિશનના ઘટકોની માર્ગદર્શિકાઓ અને મિશન ડાયરેક્ટરશ્રીના કાર્યક્ષેત્રમાં આવતી તમામ પ્રકારની કામગીરી કરવાની રહેશે. તદઉપરાંત ચીફ ઓફીસરશ્રીની સુચના મુજબની અન્ય કામગીરી પણ કરવાની રહેશે.

૯.નિયત માસિક વેતન પર કોઈપણ જાતના ભથ્થા વગેરે મળવાપાત્ર થશે નહી.

૧૦.કર્મચારીની કોઈ પણ પ્રકારની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કે અન્ય કોઈ કારણોસર કોઈ પણ જાતની પુર્વ નોટીસ આપ્યા સિવાય કોઈ પણ સમયે એક તરફી કરાર/આઉટસોર્સ સેવાઓ સમાપ્ત કરવામાં આવશે.

૧૧.તબીબ સારવારનો ખર્ચ મજરે મળવાપાત્ર થશે નહી.

૧૨.કરાર આધારિત અને આઉટસોર્સ કર્મચારીશ્રીને નક્કી કરેલ નિયમો જ લાગુ પડશે.

૧૩.ઉપરી કચેરીના અધિકારીશ્રી/કર્મચારીશ્રી દ્વારા આપવામાં આવેલ તમામ કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની રહેશે. અને સુચના મુજબ જો રજાના દિવસે હાજર રહેવા જણાવેલ હોઈ તો ફરજીયાત નિયમોનુ પાલન કરવાનુ રહેશે.

૧૪.અરજીઓ મળ્યા બાદ એજ્યુકેશન, ક્વોલીફીકેશન તથા અનુભવના આધારે ક્વોલીફાઈ થતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામા આવશે. જેની જાણ ઉમેદવારોને ટપાલ અથવા ટેલીફોનીક કરવામાં આવશે

૧૫.ઉમેદવારોની વય અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષથી ઓછી અને ૩૫ વર્ષથી વધુ હોવી જોઈએ નહી.

૧૬.સાદી ટપાલથી, આંગડિયા, કુરીયર સર્વિસ, રૂબરૂ કે અન્ય રીતે તથા મુદત બાદ તથા અધુરી અસ્પષ્ટ, જરૂરી આધારો સિવાયની અને નિયત વય મર્યાદા કરતા ઓછી કે, અધિક વય ધરાવતા ઉમેદવારોની રજુ થયેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

૧૭.આ ભરતી અંગેના તમામ હક્ક થરાદ નગરપાલિકાને અબાધિત રહેશે.

(વિપુલભાઈ ડી.પરમાર)
સભ્ય સચિવ
પસંદગી સમિતિ
મુખ્ય અધિકારી
થરાદ નગરપાલિકા

(કે.એચ.વાઘેલા)
અધ્યક્ષ
પસંદગી સમિતિ
વહીવટદાર નગરપાલિકા
વ
મામલતદાર, થરાદ

નં. નામાનિ/પાલન/૭૨૬/૨૦૨૩-૨૦૨૪